**ભિલોડાના નામદાર એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટમાં,**
**ભિલોડા. જિ.અરવલ્લી – મોડાસા**

**ફોજદારી કેસ નં. ૮૯/૨૦૨૬**
**આંક :**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–**
**(૧) સંજયકુમાર અરવિદભાઇ ખરાડી**
**(૨) દિનેશભાઈ રમેશભાઇ ખરાડી**
**(૩) મુકેશભાઇ ભુરજીભાઇ ખરાડી**
**(૪) સુરેશકુમાર રમેશભાઇ ખરાડી**
**(૫) સિરાજભાઇ સુરેશભાઇ તબિયાર**
**(૬) રાહુલભાઇ ઉર્ફે ભુટો અમરાભાઇ પાંડોર**
**(૭) અંકિતભાઇ કમલેશભાઇ અસારી**
**(૮) જગદીશભાઇ કમલેશભાઇ અસારી**
**(૯) રમેશભાઇ ઉર્ફે રામાભાઇ સુરજભાઇ ખરાડી**
**તમામ રહે. વાસેરા, તા.ભિલોડા, જી.અરવલ્લી**

**ગુન્હો :– બી.એન.એસ.ક. –૧૮૯(૨),૧૯૦,૧૯૧(૨),૧૯૩(૩), ૧૨૫(એ), ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબ**

**બાબત :– ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ – ૩૬૨ હેઠળ સેશન્સ કમીટ**

**// કમીટલ હુકમ //**

(૧) આ કામે શામળાજી પોલીસ સ્ટેશન ગુન્હા રજી.નં. ૫૧૦/૨૦૨૫ થી તા.૨૩/૧૦/૨૦૨૫ ના રોજ હાલના કામના ઉપરોકત આરોપીઓ વિરુધ્ધ હાલના કામેનો ગુનો રજીસ્ટર્ડ થતાં તપાસ કરનાર અમલદ્ધારશ્રીએ તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ –૧૮૯ (૨),૧૯૦,૧૯૧(૨),૧૯૩(૩),૧૨૫(એ), ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબના ગુના અંગેનુ ચાર્જશીટ તા. ૨૮ /૦૧/૨૦૨૬

ના રોજ રજુ કરતાં આ અદાલતમાં ચાર્જશીટ ફોજદારી રજીસ્ટરે નિયત ક્રમે નોંધવામાં આવેલ છે.

(૨) આ કામે આરોપીઓ જામીન મુકત હોઈ તેમને બી.એન.એન.એસ કલમ ૨૩૦ અન્વયે તમામ પોલીસ પેપર્સની નકલ મળ્યા બદલની ખાત્રી કર્યા બાદ આરોપીઓનું નિવેદન લેતાં તેઓ નામ. સેશન્સ કોર્ટમાં ખાનગી વકીલ રોકી બચાવ કરવા માંગે છે તેમ જણાવતા હોઈ, તે સંબંધે આરોપીઓનું લેખિત નિવેદન નોંધી આ અદાલતની રૂબરૂ તેમની સહી લેવામાં આવેલ છે.

(૩) આ કામના આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ક. ૧૮૯(૨),૧૯૦, ૧૯૧ (૨),૧૯૩(૩),૧૨૫(એ), ૩૫૨, ૩૫૧(૩) તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. સદર કામના આરોપીઓએ ભારતીય નાગરીગ સુરક્ષા સંહિતાની કલમ – ૩૬૨ મુજબ અરજી આપી અત્રેની અદાલતને રજુઆત કરેલ છે કે તેઓ આ બનાવ સંબંધે શામળાજી પો.સ્ટે.ગુ. રજી.નં.૫૦૯/૨૦૨૫ થી આ કામના ફરીયાદી તેમજ સાહેદ વિરૂધ્ધ બી.એન.એસ.કલમ-૧૮૯(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૯૩(૩), ૧૧૫(૨), ૧૧૮(૧),૧૨૫(એ), ૩૫૨,૩૫૧(૩) તથા જી.પી. એકટ કલમ-૧૩૫ તેમજ અનુસુચિત જાતી અને અનુ.જન.જાતી પ્રતિબંધ અધિનિયમની કલમ-૩(૧)(આર),૩(૧)(એસ),૩(૨)(વીએ) મુજબની ફરીયાદ આપેલી અને સદરહું ફરીયાદના કામની ચાર્જશીટ નામ.સેશન્સ કોર્ટ ખાતે ત.ક.અ ધ્વારા કરવામાં આવેલ છે. આમ, બંને બનાવ એક જ સમયે એક બનાવ સંદર્ભે સામે-સામે ક્રોસ ફરીયાદ દાખલ થયેલ હોય તે સંજોગમાં બંને કેસમાંથી એક સેશન્સ ટ્રાયેબલ ગુન્હો હોઈ કમીટ કરેલ હોય, તે સંજોગો ધ્યાને લેતાં પણ હાલના ગુન્હાની ન્યાયિક કાર્યવાહી સાથે થવી જરૂરી હોઈ સદર ફોજદારી કેસ ગુનાની ઈન્સાફી કાર્યવાહી અર્થે નામદાર સેસન્સ અદાલત, મોડાસા ખાતે કમીટ કરવા સબબ ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

(૧) આરોપીઓ સામેનો હાલનો ફોજદારી કેસ નં. ૮૯/૨૦૨૬, બી.એન.એસ.ક. ૧૮૯(૨),૧૯૦, ૧૯૧ (૨),૧૯૩(૩),૧૨૫(એ), ૩૫૨,

૩૫૧(૩) તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ સજાપાત્ર ગુનાને લગતો, સદર ગુનાની ઈન્સાફી કાર્યવાહી અર્થે ભારતીય નાગરીગ સુરક્ષા સંહિતાની કલમ - ૩૬૨ અન્વયે નામદાર ડિસ્ટ્રીકટ સેશન્સ અદાલત, મોડાસા, અરવલ્લી ખાતે કમીટ કરવામાં આવે છે.

(૨) સદરહું કેસ નિયમાનાસુરનું વર્ગીકરણ કરી, ફાઈલીંગ કરી તૈયાર કરી અસલ રેકર્ડ, રોજકામ આ કામેના તમામ મુદ્દામાલ સાથે કમીટ કોર્ટ તરફ મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) સદરહુ કેસ કમીટ કર્યા બાબતની જાણ વિધ્વાન મદદનીશ સરકારી વકીલશ્રીની કચેરી, અરવલ્લી, મોડાસાનાઓને કરવી.

સદરહુ હુકમ આજરોજ તા.૧૮ મી, માહે. માર્ચ- સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

**તા.૧૮/૦૩/૨૦૨૬**
**સ્થળ: ભિલોડા**

**(એ.એ.દવે)**
**એડી.જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.**
**ભિલોડા**
**(જજ કોડ : જીજે૦૧૪૪૨)**